# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૧, એપ્રિલ - મે ૨૦૨૧




## સી.એસ.આર પ્રવૃત્તિના ભાગરૂપે યુજીવીસીએલના સહયોગથી

# "જુગનૂ" પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન






## શંખેશ્વર ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ

## આ અંકમાં


અંક-૬૧
એપ્રિલ - મે ૨૦૨૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત



**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી જે. એન. પંચોલી, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.



**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.


cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com


## આ અંકનાં આકર્ષણો...


**ઉદ્‌ઘાટન ૦૪**
- સી.એસ.આર પ્રવૃત્તિના ભાગરૂપે યુજીવીસીએલના સહયોગથી “જુગનૂ” પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન.............................. ૦૪

**ઉજવણી ૦૬**
- યુજીવીસીએલ દ્વારા કંપની દિનની ઉજવણી................ ૦૬
- યુજીવીસીએલ દ્વારા નોવેલ કોરોના (કોવિડ-19) રસીકરણ કાર્યક્રમ....................................... ૦૬

**એવોર્ડ્‌ઝ ૦૭**
- ૮મા ઇનોવેશન વીથ ઇમ્પેક્ટ એવોર્ડ્ઝ ફોર ડીસ્કોમ ૨૦૨૦ અન્વયે યુજીવીસીએલએ વિવિધ કેટેગરીમાં ત્રણ એવોર્ડ્ઝ પ્રાપ્ત કર્યા.................................. ૦૭
- યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો ”નેશનલ એબિલીટી એવોર્ડ”... ૦૯

**ઉજવણી ૧૦**
- યુજીવીસીએલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી.............................. ૧૦
- કોર્પોરેટ ઓફિસ તેમજ હિંમતનગર અને મહેસાણા વર્તુળ કચેરીની બહેનો દ્વારા મહિલા દિનની ઉજવણી........... ૧૦
- ગાંધીનગર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી.......... ૧૧
- સાબરમતી સર્કલ દ્વારા મહિલા દિનની ઉજવણી......... ૧૧

**શ્રદ્ધાંજલિ ૧૧**

**સલામતી ઝુંબેશ ૧૨**
- વીજ સલામતી અંગે જાગૃતતા કેળવવા સઘન ઝુંબેશ...... ૧૨

**લોકાર્પણ ૧૪**
- શંખેશ્વર ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ............ ૧૪

**વિદાય ૧૫**
- તેજસ્વી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્ત થતા કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી જે.એન. પંચોલી............... ૧૫



**આપણે આવશ્યક સેવા સાથે સંકળાયેલા છીએ એટલે ઘર બહાર નીકળવું અનિવાર્ય છે, પરંતુ એ દરમિયાન આપ સ્વાસ્થ્ય સલામતીનાં દરેક પગલાંનું પૂરતી ચોક્સાઈથી પાલન કરો એવી મારી વિનંતી છે.**

**પ્રાર્થના કરવી એટલે માત્ર શબ્દો ઉચ્ચારવા નહિ,**
**પ્રાર્થના એટલે તો પરમાત્માનું ચિંતન અને અનુભવ...**
**- સ્વામી રામ તીર્થ**

**પ્રિય કર્મચારી મિત્રો,**

કાંટો ભલે પગમાં વાગ્યો હોય પણ તેની વેદનાથી આંખમાં આંસુ પડે અને આપણા હાથ તરત પગમાંથી કાંટો કાઢવા તત્પર બની જાય છે. દુઃખ શરીરના એક અંગ પર આવે, પણ શરીરનાં બીજાં અંગો તેના દુઃખમાં સહભાગી થાય છે અને મદદ કરવાના પ્રયાસમાં લાગી જાય છે.

આ અનુભવ પરથી બોધપાઠ લઈએ. અત્યારના સમયમાં કોરોનાની બિમારીનું દુઃખ પણ ભલે અમુક લોકો પર આવ્યું હોય, સમાજના સૌ એમના દુઃખમાં સહભાગી થાય અને સૌ પોતપોતાની રીતે એમનું દુઃખ હળવું કરવાનો પ્રયાસ કરે એ સમયની માંગ છે. આપણાથી શક્ય એવા તમામ પ્રયાસો આપણે મક્કમતાથી કરવાનો આ સમય છે.

કોરોનાનો પ્રતિકાર આપણે મક્કમતાથી કરી રહ્યા હતા ત્યારે તેની બીજી લહેર અત્યાર સુધીમાં આપણા ૪૦ (ચાલીસ)થી વધુ વીજકર્મીઓને ભરખી ગયેલ છે. આપણી કંપની માટે આ સંનિષ્ઠ વીજકર્મીઓ ગુમાવવું અસહ્ય છે. તમામ વીજકર્મી પરિવારો પર આવી પડેલ દુઃખ માટે હૃદયપૂર્વકની સંવેદના સાથે તમામ દિવંગત આત્માઓને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

મિત્રો, આપણે સૌએ આ સમયમાં અત્યંત સાવચેતી રાખવાની જરૂર છે. આપણે આવશ્યક સેવા સાથે સંકળાયેલા છીએ એટલે ઘરમાં પૂરાઈ રહેવું આપણે માટે શક્ય નથી, પણ આપણી પોતાની અને આપણા પરિવારની સલામતી માટે આપ સૌ સરકારશ્રીના માર્ગદર્શન મુજબ શક્ય એટલી કાળજી અને સાવચેતી રાખો તેવો હું અનુરોધ કરું છું. પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને કર્મચારીઓને બિમારી સમયે અનુકૂળતા રહે તે માટે આપણે અમદાવાદ ખાતે કોવિડ કેર સેન્ટર શરૂ કરેલ છે. આશા રાખું છું કે આ સેવા આપણા કર્મચારીઓને બિમારીના કપરા સમયમાં રાહત આપશે.

કોરોના કાળની વિપરિત પરિસ્થિતિ વચ્ચે પણ આપણી કામગીરી આવી પ્રસંશનીય રીતે કરવાની પ્રણાલિકા સતત ચાલુ રાખેલ છે અને તાજેતરમાં ૫ (પાંચ) જેટલા એવોર્ડ્ઝ પ્રાપ્ત કરેલ છે. એ બદલ તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

આપ અને આપના પરિવારના સૌ સભ્યોના ક્ષેમકુશળની પ્રાર્થના,



**મહેશ સિંઘ,** આઈએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# સી.એસ.આર પ્રવૃત્તિના ભાગરૂપે યુજીવીસીએલના સહયોગથી "જુગનૂ" પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ઉત્તર ગુજરાતના વીજ ગ્રાહકોને સતત વિના વિક્ષેપે વીજવિતરણ કરીને યશસ્વી રીતે પોતાની કામગીરી કરવામાં આવી રહેલ છે. કેન્દ્ર સરકારના નીતિ-નિયમોને આધિન પોતાની મુખ્ય પ્રવૃત્તિ પૂર્ણ નિષ્ઠાથી બજાવ્યા બાદ જે નફો પ્રાપ્ત થાય છે, તેમાંથી કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી યાને સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ બતાવવાની પણ કામગીરી હાથ ધરવાની હોય છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં આવેલ ચેકડેમ રીનોવેશન પ્રોજેક્ટ, મંદબુદ્ધિના બાળકો માટે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે "જુગનૂ" પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, સી.એસ.આરના સહયોગથી સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ સોશ્યલ કન્સર્ન, અમદાવાદ સંસ્થા દ્વારા શંખેશ્વર તાલુકાના ગામોમાં "ટકાઉ ખેતી અને આનુસાંગિક ઉદ્યમશિલતા વિકાસ" કાર્યક્રમ કાર્યરત છે. સદર કાર્યક્રમ અંતર્ગત ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલ શંખેશ્વર ખાતે "જુગનૂ" પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૫ માર્ચ-૨૦૨૧ના રોજ યોજાયેલ. ઉદ્‌ઘાટન સમારોહમાં શ્રી મહેશ સિંઘ, મેનેજિંગ ડિરેક્ટર, શ્રી ભરત પાઠક, નિવૃત્ત ભારતીય વનસેવા અધિકારી, શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી, શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ



દિપપ્રાગટ્ય



ઉદ્‌ઘાટન



ઉપસ્થિત મહાનુભાવો

મહાપ્રબંધક (એચ.આર.), શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ચીફ ફાઈનાન્સ મેનેજર, શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઈજનેર મહેસાણા, શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેર (ક્યુ.સી.સી), શ્રી અરુણમાની દિક્ષિત, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ સોશ્યલ કન્સર્ન, શ્રી હરગોવનભાઈ પટેલ, વસુંધરા ફાઉન્ડેશન, શ્રીમતિ રીચાબેન જોહરી અને શ્રી પ્રક્ષલભાઈ, શ્રી કેતનભાઈ ઠાકર, મેનેજિંગ ટ્રસ્ટી ગ્રામ સેવા મંડળ શંખેશ્વર, નિરપરસિંહ કીરાર, ટીમ લીડર રિલાયંસ ફાઉન્ડેશન, જી. પાટણ, તથા શ્રી દજુભાઈ, પ્રમુખ શ્રી વઢિયાર કિશાન પ્રોડ્યુસર કંપની હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પધારેલ મહેમાનોનું બૂકે દ્વારા તેમજ કઠોળના બાસ્કેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ દીપપ્રાગટ્ય કરીને કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. સ્કૂલના બાળકો દ્વારા પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવેલ ત્યારબાદ "જુગનૂ પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટર" દ્વારા તૈયાર કરવામાં આવેલ સંસ્થાની માહિતી અને વર્તમાન તેમજ ભાવી પ્રવૃત્તિઓ અંગેની માહિતી આપતી દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી અરુણમાની દિક્ષિતે પોતાના પ્રવચનમાં જણાવેલ કે, આજનો દિવસ અત્રે ઉપસ્થિત તમામ ખેડૂતો માટે યાદગીરીરૂપ રહેશે. નર્મદા નહેરનું પાણી આવ્યા બાદ શંખેશ્વર વિસ્તારમાં ખેડૂતોના સંગઠનો સાથે મળીને ટકાઉ ખેતી કેવી રીતે કરી શકાય તે માટે ટ્રેનિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યા છીએ. સાથે સાથે સ્કૂલના બાળકોનો ખેતીવાડી પ્રત્યે હકારાત્મક અભિગમ ઊભો થાય અને આગામી પેઢી ખેતીવાડી સાથે વધુ મજબુત બને તેવા આશય સાથે અમો કામ કરી રહ્યા છીએ.

આ પ્રસંગે શ્રી દજુભાઈ, પ્રમુખ શ્રી વઢિયાર કિસાન પ્રોડ્યુસર કંપની દ્વારા પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવેલ કે, આવનારી પેઢી જે ખેતીથી વિમુખ થઈ રહી છે જેની ચિંતા કરી આવનારી પેઢીને શિક્ષણ દ્વારા ખેતી વિશેનું, પર્યાવરણ વિષેનું જ્ઞાન મળે તે માટે ઘણી સંસ્થાઓના સહયોગ તથા યુજીવીસીએલ દ્વારા નાણાકીય સહયોગ આપવાની તૈયારી દર્શાવી છે તેમજ રિલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી આ રચનાત્મક પ્રવૃત્તિ ઉત્સાહભેર આગળ વધવી

જોઈએ. વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે ખેતીનું જ્ઞાન મળે તે માટે અમારી સંસ્થા પ્રયત્નશીલ છે ત્યારે ઉદ્યોગ સાહસિકો માટે વગર વ્યાજે લોન આપવાની યોજના પણ વિચારણામાં છે જેથી ટકાઉ ખેતીને પ્રોત્સાહન મળે.

શ્રી રાજુભાઈ જાદવ પ્રગતિશીલ ખેડૂત તેમજ એવોર્ડ વિજેતા દ્વારા પોતાના અનુભવો અને પરિણામો અંગે અસરકારક રજૂઆત કરેલ.

વધુ એક પ્રગતિશીલ ખેડૂતે પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, આજે જ્યારે વિશ્વ ગ્રાહકદિન ઉજવી રહ્યું છે ત્યારે પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું આપણે ઉદ્ઘાટન કરવા જઈ રહ્યા છીએ કે જેની આજે તાતી જરૂરિયાત છે. એ રીતે ખેતીમાં વિવિધ પ્રયોગો ને પ્રોત્સાહન આપવા વસુંધરા સંસ્થા અને "જુગનૂ" લર્નિંગ સેન્ટર દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે જેને હું આવકારું છું.

જાદવ મહાદેવભાઈ જગમાલભાઈ એ પોતાના પ્રગતિશીલ ખેડૂત તરીકેના અનુભવો તેમજ કરવામાં આવેલા પ્રયોગો અને જેના લીધે મળેલ પરિણામો રજૂ કરેલ.

શ્રી ભરતભાઈ પાઠક, નિવૃત્ત ભારતીય વનસેવા અધિકારીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી અભિવાદન કરી જણાવેલ કે, આપ સૌને અને યુજીવીસીએલ સહિત કાર્યક્રમમાં સહયોગ આપનાર બધી જ સંસ્થાઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કોઈપણ ધ્યેય નક્કી કરીએ અને તે ધ્યેયને પ્રાપ્ત કરવા માટે પહેલા તો શરૂઆત થવી જોઈએ. સારી શરૂઆત એ ધ્યેય પ્રાપ્તિનું પહેલું પગલું છે એટલે આજે જે સારી શરૂઆત થઇ રહી છે. તે શરૂઆત માટે આ બધી જ સંસ્થાના જે કાર્યકરો છે તે સૌને હું અભિનંદન આપું છું. સારી શરૂઆત પછી તેને ટકાવી રાખવા માટે જેટલા સમય માટે ટકાવી રાખવું હોય તેટલા સમય માટે પ્રયત્નો ચાલુ રાખવા પડે. માટે આજે આપને સંકલ્પ કરીએ કે જે કાર્ય આપણે આજે શરુ કરવા જઈ રહ્યા છીએ તેને ટકાવી રાખવા માટે નિષ્ઠાથી જોડાયેલા રહીશું અને


સ્વાગત


ઉદ્બોધન


નિદર્શન

બીજો જે શબ્દ છે તે સમપોષી. જે રીતે ખેડૂત જો માટીની સંભાળ ના લે અથવા જો માટીને જો પોષણ ના મળે અથવા જો ગાય, ભેંસ રાખીએ અને દૂધ આપણને જોઈતું હોય તો પહેલા આપણે તે ગાય, ભેંસને પુરતું પોષણ આપવું પડે. એટલે કે આપણે જેની સાચવણી કરીશું તે આપણને સાચવશે આ સિદ્ધાંત આપણે યાદ રાખવું પડશે.

સમારંભના અધ્યક્ષ અને યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા પોતાના ઉદ્બોધનમાં જણાવેલ કે, આ બજેટની પાછળનો જે ધ્યેય છે તેનું પચાસ ટકા કામ આજે પૂરું થયું એવું માની શકાય. આ એક આનંદની વાત છે કે આજે ત્રણે પેઢીના લોકો આ કાર્યક્રમમાં હાજર છે વૃદ્ધો પણ છે પ્રૌઢો પણ છે અને વ્હાલા વિદ્યાર્થીઓ પણ છે.

વધુમાં ભૂતકાળના પ્રસંગોને યાદ કરતા જણાવેલ કે, કઈ રીતે અલગ અલગ પ્રક્રિયાઓ દ્વારા કોઈ એક જ ખેતપેદાશનો વિવિધ રીતે ઉપયોગ કરી વિવિધ ઉત્પાદન કરી અને તેનું સફળતાથી વેચાણ કરી શકાય તેનું ઉદાહરણ સ્વરૂપ પ્રસંગ રજૂ કરેલ. તે જ રીતે ખેતીમાં વિવિધ સફળ પ્રયોગો દ્વારા સફળ ખેતી કરી શકાય તે અંગે આ પ્લેટફોર્મ ઉપર પોતાના અનુભવોની આપલે દ્વારા આપણા પારંપરિક જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનનું સમન્વય કરી સફળ ખેતી કરી શકાય તે અંગે જણાવેલ.

અંતમાં આ કાર્યક્રમના સફળ આયોજન બદલ તથા કાર્યક્રમમાં હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ સૌનો ધન્યવાદ કરી પ્રવચન પૂર્ણ કરેલ.

લર્નિંગ સેન્ટરનો મુખ્ય હેતુ શાળા કક્ષાએ વિદ્યાર્થીઓ નાના નાના પ્રોજેક્ટ્સ દ્વારા ટકાઉ ખેતીની જરૂરિયાતોને પ્રોત્સાહન આપવા અને પ્રત્યક્ષીકરણ સાથે પરસ્પર શીખવાની તક તથા પ્રોત્સાહન મળે તેવી સુવિધા શાળા કક્ષાએ જ ઊભી કરવાનો છે. આ સેન્ટર માહિતી સંગ્રહ અને પ્રચાર-પ્રસાર મંચ તરીકે કાર્ય કરશે. શાળાનાં વિદ્યાર્થીઓ ખેતી અને પશુપાલનને આજીવિકાના એક મુખ્ય સ્ત્રોત તરીકે તથા હાલમાં જળ-વાયુ પરિવર્તનને કારણે સ્થાનિક અને વૈશ્વિક કક્ષાએ ઊભી થયેલ સ્થિતિને કારણે તેના ટકાઉપણા વિશે વિચારતા થાય અને સંવેદનશીલ બનશે.

ગ્રામ સેવા મંડળ, શંખેશ્વર દ્વારા ફાળવવામાં આવેલ જગ્યામાં "જુગનૂ"ને ઊભું કરવામાં "સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એન્ડ સોશ્યલ કન્સર્ન", વસુંધરા ફાઉન્ડેશન, વે અને વઢિયાર પ્રોડ્યુસર કંપનીએ ખૂબ જ મહેનત કરી છે. ઉદ્ઘાટન પ્રસંગે પધારેલ શ્રી દિક્ષિતસાહેબે "જુગનૂ" દ્વારા પર્યાવરણ અને કૃષિ શિક્ષણ સાથે જોડી ટકાઉ ખેતીના વિચારને પ્રસ્તુત કરેલ.

સમારંભના સમાપન બાદ "જુગનૂ" પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું ઉદ્ઘાટન શ્રી મહેશ સિંઘ, મેનેજિંગ ડિરેક્ટરના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન સમારોહમાં મહેમાનો અને ખેડૂતો જોડાયા હતા. શ્રી પ્રક્ષલભાઈ એ 'જુગનૂ'માં મુકવામાં આવેલ માહિતીની સમજ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી હરગોવનભાઈ પટેલ, વસુંધરા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ. ■

# યુજીવીસીએલ દ્વારા કંપની દિનની ઉજવણી

તા. ૦૧-૦૪-૨૦૨૧ના રોજ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના સ્થાપના દિન નિમિત્તે માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીનાં માર્ગદર્શન હેઠળ યુજીવીસીએલ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે કંપની દિનની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ.





કંપની ધારા -૧૯૫૬થી પૂર્વ ગુજરાત વિદ્યુત બોર્ડ (જી.ઈ.બી.)માંથી છુટા પડી પુનઃગઠન થયેલ ચાર વીજ વિતરણ કંપનીઓમાંની એક ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, એપ્રિલ, ૨૦૦૫નાં રોજ અસ્તિત્વમાં આવી. આમ, દર વર્ષે ૦૧, એપ્રિલનાં રોજ કંપનીની તમામ કચેરીઓ ખાતે આ દિવસ કંપની દિન તરીકે ઉજવવામાં આવે છે.

દર વર્ષની જેમ આપણા ગૌરવાન્વિત કંપની દિનની ઉત્સાહભેર ઉજવાણી કરવામાં આવેલ. જે અંતર્ગત, માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા કંપનીનાં તમામ સ્ટાફને કંપની દિનની શુભેચ્છા સંદેશ પાઠવતા જણાવેલ કે, "કંપનીના તમામ સ્ટાફની મહેનત અને અથાગ પરિશ્રમથી આપણી કંપની આ મુકામ ઉપર પહોંચી છે, આશા છે કે આ વિકાસ યાત્રા આગળ પણ ચાલતી રહે અને તે માટે સર્વેને શુભેચ્છાઓ પાઠવું છું." રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરીના કોન્ફરન્સ હોલ મહેસાણા ખાતે મુખ્ય ઈજનેર (ઓપી) શ્રી પી.બી. પંડ્યા તેમજ વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિએ ગત વર્ષ કંપની દ્વારા હાંસલ કરેલ સિદ્ધિઓ વિષે પ્રસંગોચિત માહિતી આપેલ. આ પ્રસંગે મુખ્ય ઇજનેર (પી) શ્રી વી.એમ. શ્રોફ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી ઉપસ્થિત રહેલ અને તેમના દ્વારા તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ દ્વારા કર્મચારીઓને યુનિફોર્મનું વિતરણ કરવામાં આવેલ.

તદુપરાંત સદર કાર્યક્રમમાં ઉપસ્થિત કોર કમિટી દ્વારા આગામી સમયમાં વહીવટી ખર્ચાઓ કેવી રીતે ઓછા થઇ શકે તે અંગે વિચાર-વિમર્શ કરવામાં આવેલ. કંપની દિન નિમિત્તે રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા તેમજ કંપનીનાં તાબા હેઠળની તમામ કચેરીઓ ખાતે તમામ અધિકારી / કર્મચારીગણમાં આપણી કંપની માટેની ફરજ તેમજ એકતાની ભાવના વધુ પ્રબળ બને તેવી નેમ લીધા બાદ આઈસ્ક્રીમ આરોગવામાં આવેલ. ■

# યુજીવીસીએલ દ્વારા નોવેલ કોરોના (કોવિડ-19) રસીકરણ કાર્યક્રમ







તા. ૨૭-૦૩-૨૦૨૧થી માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા કેમ્પસ સ્થિત કચેરીઓ તેમજ અન્ય વર્તુળ કચેરીઓ ખાતે નોવેલ કોરોના (કોવિડ-૧૯)ની રસીકરણનો કાર્યક્રમ પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા, કોન્ફરન્સ હોલ ખાતે કુલ ૧૬૦ નોવેલ કોરોના (કોવિડ-૧૯)ની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવેલ. જેમાં, રસીકરણ કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના ફિલ્ડ સ્ટાફ અને ફ્રન્ટ વોરિયર્સ એવા હેલ્પર, આસી. લાઇનમેન, લાઇનમેન તેમજ મીટર રીડરને રસી આપવામાં આવેલ.

સદર રસીકરણ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા કેમ્પસ સ્થિત મહિલા અધિકારી/કર્મચારીઓ દ્વારા રસીકરણને પોતાની નૈતિક ફરજ સમજી રસી લેવા માટે સ્વયંભુ ઘસારો જોવા મળેલ.

વધુમાં તા. ૩૦-૦૩-૨૦૨૧ના રોજ રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા કેમ્પસ ખાતે નોવેલ કોરોના (કોવિડ-૧૯)ની રસીનાં વધુ અંદાજીત ૧૮૦ પ્રથમ ડોઝ આપવામાં આવશે, તેવી જ રીતે, કંપનીની તમામ કચેરીઓમાં આગામી દિવસોમાં સરકારશ્રી દ્વારા (કોવિડ-૧૯) રસીકરણ અભિયાન અંતર્ગત રસી આપવાનું આયોજન કરવામાં આવશે. ■

# ૮મા ઈનોવેશન વીથ ઈમ્પેક્ટ એવોર્ડ્ઝ ફોર ડીસ્કોમ ૨૦20 અન્વયે યુજીવીસીએલએ વિવિધ કેટેગરીમાં ત્રણ એવોર્ડ્ઝ પ્રાપ્ત કર્યા

## એક જ દિવસમાં ત્રણ એવોર્ડ્ઝ પ્રાપ્ત કરવાની સિધ્ધિ...

તા. ૨૫-૨-૨૦૨૧નારોજ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, કલકત્તા દ્વારા અનિલ રાઝદાનના અધ્યક્ષપદે ૮મી ઇનોવેશન વીથ ઇમ્પેક્ટ એવોર્ડ્ઝ ફોર ડીસ્કોમ ૨૦૨૦ અન્વયે યોજાયેલ સમિટમાં વિવિધ કેટેગરી માટે કુલ ત્રણ એવોર્ડ્ઝની જાહેરાત કરવામાં આવેલ. ઓનલાઇન યોજાયેલ સમિટમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટ, શ્રી મહેશ સિંઘને ત્રણેય એવોર્ડ્ઝ શ્રી અનિલ રાઝદાન તરફથી એનાયત કરવામાં આવેલ.




કોરોનાના કપરા કાળ દરમ્યાન પણ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા યશસ્વી કામગીરી સતત ચાલુ રાખીને કંપની યશકલગીમાં વધુ ત્રણ પીંછાનો એક જ દિવસમાં ઉમેરો કર્યો. આ સાથે કંપનીના ખાતામાં કુલ રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના કુલ ૨૭ (સત્યાવીસ) જેટલા એવોર્ડ્ઝ જમા થયા છે.

### (૧) બી વર્ગ (કાર્યક્ષમ કામગીરી) હેઠળ ત્રીજા ક્રમે :

તા. ૨૫.૦૨.૨૦૨૧ના રોજ શ્રી અનિલ રાઝદાન, સમિટના અધ્યક્ષ દ્વારા વીડિયો કોન્ફરન્સથી ડિસ્કોમ-૨૦૨૦ માટે યોજાયેલ આઈસીસી ૮મી ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ કાર્યક્રમમાં યુજીવીસીએલ દ્વારા “બી વર્ગ (કાર્યક્ષમ કામગીરી)” હેઠળ ત્રીજો ક્રમ મેળવેલ છે.

**એવોર્ડની વિગતો :** આ એવોર્ડ પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓને પોતાની સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા અને સપ્લાય-ડિમાન્ડ પરિસ્થિતિને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા માટે નવા અને સકારાત્મક પગલા લીધા છે તેને માટે આપવામાં આવેલ છે. અન્યને પ્રેરણા આપવા માટે સમાન નીતિઓ અને પદ્ધતિઓ અપનાવવા અને અન્ય લોકોને સમાન નિયોક્તા અને પ્રથાઓ અપનાવવા પ્રેરણા આપવા અને પ્રોત્સાહિત કરવા માટે નવીન અને ટકાઉ વ્યવહાર અને કામગીરીના અગ્રણી ઉદાહરણોને પ્રકાશિત કરવા પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

**એવોર્ડના પરિમાણો :** એવોર્ડની કેટેગરીમાં (બી) કાર્યક્ષમ કામગીરીમાં ડિસ્ટ્રિબ્યુશન ખોટ, બિલિંગ અને કલેક્શનની કાર્યક્ષમતા, ફીડર બાયફરકેશન અને ન્યૂ એસ / એસ, ગ્રાહકોનું મીટરિંગ, ટ્રાન્સફોર્મર પર્ફોર્મન્સ, ઓડિટ એકાઉન્ટ્સ અને ફાઇનાન્શિયલ્સ, પાવર ખરીદી પ્લાનિંગ એન્ટી થેફ્ટ પગલાં, ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ સામેલ છે.

### (૨) ઇ વર્ગ (પ્રદર્શન સુધારણા) હેઠળ ત્રીજા ક્રમે :

આઈસીસી ૮મી ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ કાર્યક્રમમાં યુજીવીસીએલ દ્વારા “ઇ વર્ગ (પ્રદર્શન સુધારણા)” હેઠળ ત્રીજો ક્રમ મેળવેલ છે.

**એવોર્ડની વિગતો :** આ એવોર્ડ પાવર ડિસ્ટ્રિબ્યુશનની એવી કંપનીઓને આપવામાં આવે છે કે જેમણે પોતાની સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા અને સપ્લાય-ડિમાન્ડ પરિસ્થિતિને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા માટે નવા અને સકારાત્મક પગલા લીધા છે. નવીનીકરણ અને ટકાઉ વ્યવહાર અને પ્રભાવના અગ્રણી ઉદાહરણોને પ્રકાશિત કરવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે જે અન્ય લોકોને પ્રેરણા આપવા માટે સમાન નીતિઓ અને પદ્ધતિઓ અપનાવવા પ્રેરણા આપે છે



અને અન્ય લોકોને સમાન નિયોક્તા અને પ્રથાઓ અપનાવવા પ્રેરે છે.

**એવોર્ડના પરિમાણો :** એવોર્ડની કેટેગરીમાં (ઇ) પ્રદર્શન સુધારણા, આવક વૃદ્ધિ, ખર્ચની અસરકારકતા, પાવર વિશ્વસનીયતા, વિકાસ, ગ્રિન ઊર્જા, નેટવર્ક કાર્યક્ષમતા અને સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણના ક્ષેત્રમાં કંપનીના એકંદર પ્રદર્શનનો સમાવેશ થાય છે.

## (૩) સી વર્ગ (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ) હેઠળ ત્રીજા ક્રમે :

આઈસીસી ૮મી ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ કાર્યક્રમમાં યુજીવીસીએલ દ્વારા "સી વર્ગ (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ)" હેઠળ ત્રીજો ક્રમ મેળવેલ છે.

**એવોર્ડની વિગતો :** આ એવોર્ડ પાવર ડિસ્ટ્રિબ્યુશનની એવી કંપનીઓને આપવામાં આવે છે કે જેમણે પોતાની સિસ્ટમની કાર્યક્ષમતા વધારવા અને સપ્લાય-ડિમાન્ડ પરિસ્થિતિને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા માટે નવા અને સકારાત્મક પગલા લીધા છે. નવીનીકરણ અને ટકાઉ વ્યવહાર અને પ્રભાવના અગ્રણી ઉદાહરણોને પ્રકાશિત કરવા માટે પ્લેટફોર્મ પ્રદાન કરે છે જે અન્ય લોકોને પ્રેરણા આપવા માટે સમાન નીતિઓ અને પદ્ધતિઓ અપનાવવા પ્રેરણા આપે છે અને અન્ય લોકોને સમાન નિયોક્તા અને પ્રથાઓ અપનાવવા પ્રેરે છે.

**એવોર્ડના પરિમાણો :** એવોર્ડ કેટેગરી (સી): સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણમાં સરેરાશ દૈનિક વીજ પુરવઠો સમય, સિસ્ટમ રિલાયબિલીટી ઇન્ડેક્સ, વોલ્ટેજની રિપોર્ટીંગ, વર્તમાન અને પાવર ફેક્ટર, હાર્મોનિક્સ, ફોલ્ટ રિપેર અને નિવારણ માટેની સિસ્ટમ, ગ્રાહક મૈત્રીપૂર્ણ બિલિંગ અને ચુકવણી સિસ્ટમ, સરળતાથી ઉપલબ્ધ વીજ જોડાણ.





ઉપરોક્ત ત્રણેય એવોર્ડ્સ આપનાર સંસ્થા, એવોર્ડ સ્વિકારનાર, એવોર્ડ એનાયત કરનાર, આમંત્રિત મહેમાનો, જુરીના સભ્યો વગેરે વિગતો નીચે મુજબ છે.

(૧) એવોર્ડ આપનાર સંસ્થા : ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ, કોલકાતા

(૨) એવોર્ડ સ્વીકારનાર : મેનેજિંગ ડિરેક્ટર યુજીવીસીએલ, શ્રી મહેશ સિંઘ, આઈએફએસ

(૩) એવોર્ડ એનાયત કરનાર : અનિલ રાઝદાન, સમિટ અધ્યક્ષ, ૮મી ઇનોવેશન વિથ ઇમ્પેક્ટ એવોર્ડ્સ ફોર ડીસ્કોમ્સ-૨૦૨૦.

(૪) આમંત્રિત મુખ્ય મહેમાનો/સન્માનીય મહેમાનો : શ્રી ગુરપ્રીત ચૂગ, આઈ.સી.એફ. અને જ્યુરી પેનલ્સના એમ.ડી.

(૫) એવોર્ડ આપનાર સંસ્થા : ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સની વેબસાઇટ અનુસાર, આઈસીસી એ કોલકાતાથી કાર્યરત અગ્રણી અને એકમાત્ર રાષ્ટ્રીય ચેમ્બર ઓફ કોમર્સ છે, અને આજે દેશમાં એક તરફી સક્રિય અને આગળ દેખાનારા ચેમ્બરમાંથી એક છે. આઈસીસીની સદસ્યતા ભારતના કેટલાક અગ્રણી અને મોટા ઔદ્યોગિક જૂથોમાં ફેલાયેલી છે.




1925માં સ્થપાયેલ અને શ્રી જી.ડી. બિરલાના નેતૃત્વ હેઠળના અગ્રણી ઉદ્યોગપતિઓના જૂથ દ્વારા સ્થાપિત, આઇસીસી સ્વતંત્ર ભારતીય ઉદ્યોગના પ્રથમ સંગઠિત અવાજ તરીકે, ભારતીય સ્વતંત્રતા ચળવળ સાથે ગાઢ રીતે સંકળાયેલ આઈસીસી એ ભારતનો એકમાત્ર ચેમ્બર છે, જેણે કેનેડાના ક્વિબેકમાં વર્લ્ડ ચેમ્બર્સ સ્પર્ધામાં પ્રથમ ઇનામ મેળવ્યું હતું.

(૬) જૂરી સભ્યો – નામ / હોદ્દો : ● ડો.પ્રમોદ દેવ, ભૂતપૂર્વ અધ્યક્ષ, સીઈઆરસી ● શ્રી એમ.એ. પઠાણ, ભૂતપૂર્વ અધ્યક્ષ, આઇઓસીએલ ● શ્રી ડી કે જૈન, ભૂતપૂર્વ નિયામક, તકનીકી, એનટીપીસી લિ ● કુ.નિરજા માથુર, પૂર્વ અધ્યક્ષ સી.ઇ.એ. ● શ્રી રાકેશ નાથ, ભૂતપૂર્વ અધ્યક્ષ સીઇએ અને સભ્ય (તકનીકી) એપીટીઈએલ ● શ્રી સુનજોય જોશી, અધ્યક્ષ, ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન (ઓઆરએફ) ● શ્રી આલોક બ્રારા, સીઈઓ, પાવરલાઈન ● શ્રી અજિત ગુપ્તા, ભૂતપૂર્વ સલાહકાર, એમ.એન. આર.ઇ. ● શ્રી આર એન નાયક, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના પૂર્વ અધ્યક્ષ ● શ્રી બી પી સિંઘ, ભૂતપૂર્વ સદસ્ય, ડીઇઆરસી ● શ્રી પંકજ બત્રા, પૂર્વ અધ્યક્ષ સી.ઇ.એ. ● શ્રી ગીરીશ પ્રધાન, ભૂતપૂર્વ અધ્યક્ષ સીઈઆરસી.

(૭) કોઈપણ અન્ય સંબંધિત માહિતી : આ એવોર્ડ સમારંભનું આયોજન ભારતીય ચેમ્બર ઓફ કોમર્સ (આઇસીસી) ની આગેવાની હેઠળ વીડિયો કોન્ફરન્સ દ્વારા ઓનલાઇન કરવામાં આવ્યું હતું, યુજીવીસીએલએ ઉપરોક્ત વર્ગમાં ત્રીજો ક્રમ મેળવ્યો હતો જેમાં 25 ડિસ્કોમ એ ભાગ લીધો હતો.

આ જ કાર્યક્રમ દરમિયાન, રાજ્ય તરીકે ગુજરાત રાજ્યને પાવર ક્ષેત્રે અસાધારણ કામગીરી બદલ પાવર એક્સેલન્સ પુરસ્કાર 2020 મળ્યો હતો. પાવર યુટિલિટી ક્ષેત્રે દેશના તમામ રાજ્યોમાં ગુજરાત રાજ્ય બીજા ક્રમે છે. ■

# યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો "નેશનલ એબિલીટી એવોર્ડ"

## ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ એવોર્ડ-૨૦૨૧ અર્પણ

તા ૨૭-૩-૨૦૨૧ના રોજ કે.બી. એસ. માર્કોમ પ્રા.લી. ન્યુ દિલ્હી દ્વારા સંસ્થાના સંસ્થાપક શ્રી ગૌરવ એસ. સ્વામીના વરદ્ હસ્તે કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર શ્રી જે.કે. દરજીને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાયેલ કાર્યક્રમમાં ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ એવોર્ડ-૨૦૨૧ અર્પણ કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાંથી અલગ અલગ રાજ્યોની વીજ કંપનીઓ પાસેથી ઊર્જાની બચત, ફરજિયાત ઊર્જા ઓડિટ, ઇ-વાહનો, ઊર્જા સંરક્ષણ પરિસંવાદ અને સોલાર એનર્જીના લાભ વગેરે પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ કામગીરી અંગે માંગવામાં આવેલ વિગતોને ધ્યાનમાં લઈને ઉત્તર ગુજરાત વીજ કંપનીના કામગીરીના અહેવાલને ધ્યાનમાં રાખીને સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે નવાજવામાં આવેલ છે. વીજ વિતરણ ઉપરાંત વીજ બચત ક્ષેત્રે વિશેષ પ્રદાન માટે ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવવામાં આવેલ છે. કંપનીએ મેળવેલ આ ૨૮ (અઠયાવીસ)મો એવોર્ડ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા તમામ કર્મચારીઓને પણ આવી પ્રવૃત્તિઓ સતત જાળવી રાખવાના અનુરોધ સાથે અભિનંદન પાઠવેલ છે.

તા. ૨૭.૦૩.૨૦૨૧ ના રોજ ગૌરવ એસ સ્વામી (સ્થાપક), નેશનલ એબિલીટી એવોર્ડ્સ દ્વારા વિડીયો કોન્ફરન્સ થી યોજાયેલ કાર્યક્રમમાં યુજીવીસીએલ ને ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ એવોર્ડ્સ -2021 હેઠળ વર્ગ-એ (સેવા ઉદ્યોગ) માં પહેલું સ્થાન મેળવેલ છે.






**(1) એવોર્ડ આપનાર સંસ્થા :** કે.બી.એસ. માર્કોમ પ્રા. લી., રજી. ઓફ-૧, ઉપલો બીજો માળ, ૫૦-૫૧ રીગલ બિલ્ડીંગ, પાર્લામેન્ટ સ્ટ્રીટ, નવી દિલ્હી-૧૧૦૦૦૧. **(2) એવોર્ડ સ્વીકારનાર અધિકારીશ્રી/ઓ :** શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક. અને વિજીલન્સ), આર. એન્ડ સી. ઓફીસ, યુજીવીસીએલ, મહેસાણા. **(3) એવોર્ડ આપનાર મહાનુભાવ :** શ્રી ગૌરવ એસ. સ્વામી (સ્થાપક) **(4) એવોર્ડની માહિતી :** નેશનલ એબિલીટી એવોર્ડ્સ "ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ અંગે નું પારિતોષિક-૨૦૨૧" અંતર્ગત વર્ગ-એ માં પ્રથમ સ્થિતિ **(5) એવોર્ડ માટેના પરીમાણો :** ઊર્જા બચાવવા અને દેશભરમાં જાગૃતિ લાવવા માટે સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી સિદ્ધિઓ અને સકારાત્મક યોગદાનની સાર્વજનિક ઓળખ ઉભી કરવા માટે "નેશનલ એબિલીટી એવોર્ડ્સ" દ્વારા એક ઓનલાઇન ઇવેન્ટ "ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ એવોર્ડ્સ -૨૦૨૧" યોજવામાં આવી છે. ● ઊર્જાની બચત ● ફરજિયાત ઊર્જા ઓડિટ ● ઇ-વાહનો ● ઊર્જા સંરક્ષણ પરિસંવાદ ● સોલાર એનર્જીના લાભ **(6) એવોર્ડ આપનાર સંસ્થા :** કે.બી.એસ. માર્કોમ પ્રા. લી. ઊર્જા સંરક્ષણ અધિનિયમ ૨૦૦૧ મુજબ પ્રતિબદ્ધ છે, રાષ્ટ્રમાં ઊર્જા કાર્યક્ષમતા, તેના સંરક્ષણ અને જાગરૂકતાને પ્રોત્સાહન આપવા માટે સૂક્ષ્મ, નાના અને મોટા પાયે ઉદ્યોગો, શાળાઓ અને અન્ય માટે ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમો, શૈક્ષણિક કાર્યક્રમ અને તાલીમોનું આયોજન કરીને સંસ્થાના આ તમામ પ્રયાસોના અંતિમ ઉદ્દેશો રાષ્ટ્ર માટે કિંમતી સંશાધનો બચાવવા, આબોહવા પરિવર્તનને ઘટાડવા અને સમગ્ર વિશ્વમાં ટકાઉ જીવનને પ્રોત્સાહન આપવાના છે. **(7) જ્યુરી સભ્યોના નામ અને હોદ્દા :** ● રૂબી રાજવંશી, ડિરેક્ટર, હચ ઈન્ડિયા. ● અભિષેક અગ્રવાલ, ડે. ડી.જી. (એન્જીનીયરીંગ), દૂરદર્શન કેન્દ્ર. ● હેમેન્દ્ર અગ્રવાલ, સિની. જી.એમ. પાવર ગ્રીડ કોર્પોરેશન. ● શ્રીધર વેંકટ, વાઈસ પ્રેસીડેન્ટ, બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ. ● મુકેશ દુબે, ઇન્ડસ્ટ્રી ફેલો, યુનિવર્સીટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ. ● રાજીવ ગુપ્તા, કન્સલ્ટન્ટ, દૂસન પાવર સિસ્ટમ. ■

# યુજીવીસીએલ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીના માર્ગદર્શન અનુસાર તા. ૮, માર્ચ-૨૦૨૧, "આંતરરાષ્ટ્રીય મહિલા દિન"ની ઉજવણી કરવામાં આવેલ જે નિમિત્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી સ્થિત જી.ઈ.કે.સી, ટ્રેનિંગ સેન્ટર, મહેસાણા ખાતે "સ્ત્રી સશક્તિકરણ" વિષય સંબંધિત વક્તવ્યનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત શ્રી સાર્વજનિક એમ.એસ. ડબ્લ્યુ કોલેજનાં આચાર્ય શ્રીમતી ડૉ. ક્રાંતિબેન ત્રિવેદી દ્વારા યુજીવીસીએલનાં મહિલા અધિકારી / કર્મચારીઓને "આંતરરાષ્ટ્રીય મહિલા દિન" નિમિત્તે શુભેચ્છા પાઠવી તેમના દ્વારા "સ્ત્રી સશક્તિકરણ" વિષય ઉપર પ્રેરણાદાયી વક્તવ્ય આપવામાં આવેલ.

તેઓશ્રીએ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે, "આજે ભારતીય નારીએ રમત-ગમત, સંગીત, સિનેમા જગત, નૃત્ય, કલા, સાહિત્ય, કોર્પોરેટ જગત, વિજ્ઞાન, સમાજ સેવા, રાજનીતિ, આર્મી જેવા ક્ષેત્રો હોય કે પછી અવકાશ યાત્રી તરીકે બ્રહ્માંડને ખેડવા સુધીની સફર હોય, દરેક ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી પોતાની જાતને સાબિત કરી બતાવી છે. સદર કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા કેમ્પસ સ્થિત મહિલા અધિકારી / કર્મચારીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ.

"વિશ્વ મહિલા દિન"ની ઉજવણી નિમિત્તે કંપનીનાં માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા કંપનીની તમામ મહિલા અધિકારી / કર્મચારીઓને શુભેચ્છા પાઠવવામાં આવેલ. તેઓશ્રીના શુભેચ્છા સંદેશમાં જણાવાયું હતું કે, "સ્ત્રી સશક્તિકરણ"ને વધુ મજબુત કરવા માટે સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી સ્વાસ્થ્ય એ બે પાયાની જરૂરિયાત છે. અગાઉના સમયે સતિ પ્રથા, નવજાત બાળકીને દૂધપીતી કરવી વગેરે જેવા દુષણો ભારતવર્ષમાં ફેલાયેલ હતાં, પરંતુ રાજા રામમોહન રાય જેવા સમાજ સુધારકો દ્વારા શિક્ષણ થકી કરવામાં આવેલ અથાગ પ્રયત્નોથી આપણો દેશ આવા દુષણોથી મુક્ત થઇ શક્યો છે, જેના કારણે આજની આધુનિક સ્ત્રી સમાજમાં સમોવડી પુરવાર થવા સક્ષમ બની છે. આમ છતાં, દેશનાં અંતરિયાળ-ગ્રામિણ વિસ્તારની મહિલાઓનાં વિકાસ માટે હજી પણ શિક્ષણની સાથે સાથે આરોગ્ય વર્ધક સ્વાસ્થ્ય સેવાઓ વધુને વધુ સુદ્રઢ બનાવવાની જરૂર





દેશને વધુ પ્રગતિશીલ અને મજબુત બનાવવા માટે મહિલાઓએ સ્ત્રી સ્વતંત્રતાની સાથે સાથે તેઓએ પોતાનાં સામર્થ્ય અને જવાબદારી પ્રત્યે વધુ સજાગ થવાની જરૂર છે."

સદર પ્રસંગે કંપનીના વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ તેમજ વર્તુળ કચેરી, મહેસાણાના અધિક્ષક ઈજનેર, શ્રી સી.જે. રાજપાલ દ્વારા શ્રીમતી ડૉ. ક્રાંતિબેન ત્રિવેદીનું અભિવાદન કરવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી, મહેસાણા સ્થિત તમામ સ્ટાફ ઉત્તર ગુજરાત વીજ કંપનીની સમગ્ર મહિલા અધિકારી / કર્મચારી પરિવારને આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે શુભેચ્છા પાઠવેલ. ■

# કોર્પોરેટ ઓફિસ તેમજ હિંમતનગર અને મહેસાણા વર્તુળ કચેરીની બહેનો દ્વારા મહિલા દિનની ઉજવણી

તા. ૮ મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે મહેસાણા તથા હિમતનગર વર્તુળ કચેરીમાં ફરજ બજાવતા બહેનો દ્વારા હિમતનગર નજીક તિરૂપતી ઋષિવન નેચરલ પાર્ક ખાતે પ્રવાસનું તેમજ "મહિલા સશક્તિકરણ" કાર્યક્રમ અંતર્ગત જાણીતા વકીલ અને યુજીવીસીએલ કંપનીની



મહિલા જાતીય સતામણી સમિતિના મેમ્બર શ્રીમતી શિલ્પાબેન ત્રિવેદીના માર્ગદર્શનનું આયોજન કરવામાં આવ્યું. જો કે કોવીડ-૧૯ ના સરકારશ્રીના નિયમોનો અમલ કરવાનો હોઈ માર્યાદિત સંખ્યામાં જ બહેનોને સામેલ કરેલ. શિલ્પાબેને મહિલાઓને રોજબરોજની જિંદગીમાં ડગલે ને પગલે ઉપયોગી નીવડે તેવી માહિતી પૂરી પાડી મહિલા દિનની ઉજવણીને સાર્થક બનાવી. ઉપસ્થિત તમામ બહેનો એ ખૂબ જ આનંદથી આખો દિવસ વિતાવ્યો.

માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ તેમજ વિશેષ મહાપ્રબંધક (મા.સં.) શ્રી એ.સી. પ્રજાપતિના સહયોગથી સદર પર્વની ઉજવણી કરવામાં આવેલ. આ માટે મન જાગૃત મહિલા મંડળના હોદ્દેદારોએ ઉચ્ચ-સત્તાધીશો અને અધિકારીશ્રીઓનો આભાર માનેલ. ■

# ગાંધીનગર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી








આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે અર્બન વિભાગીય કચેરી, ગાંધીનગર, રૂરલ વિભાગીય કચેરી તેમજ પેટા વિભાગીય કચેરી, ગાંધીનગરમાં ફરજ બજાવતા તમામ મહિલા કર્મચારીઓ દ્વારા પેથાપુર નજીક આવેલ કૈલાસધામ ઘરડા ઘરના તમામ સભ્યો માંટે બપોરના જમવાની વ્યવસ્થા કરી તેઓને સ્વહસ્તે ભોજન કરાવવામાં આવેલ તથા તેઓની જરૂરિયાત મુજબની વસ્તુઓની કીટ બનાવીને સર્વેને આપીને સેવા કરવાનું સુંદર આયોજન કરીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને આજના મહિલા દિનને સાર્થક કરીને મહિલાઓનું ગૌરવ વધારેલ. ■

# સાબરમતી સર્કલ દ્વારા મહિલા દિનની ઉજવણી

યુજીવીસીએલ કંપની સાબરમતી સર્કલ ઓફિસ વર્કિંગ વુમન એસોસિયેશન દ્વારા ૮મી માર્ચે સાણંદ એકર્સ ક્લબ રિસોર્ટ ખાતે મહિલાદિનની ઉજવણી કરવામાં આવેલ. જેમાં જુદા જુદા ડિવિઝનની બહેનો જોડાઈ હતી. બધી જ વર્કિંગ વુમન્સે જુદા જુદા ડ્રેસિંગ સાથે સ્વિમિંગ, રાઇડ્સ, વન મિનીટ ગેમ્સ, બ્રેકફાસ્ટ, લંચ, હાઈ-ટી સાથે આખા દિવસની મઝા માણી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન વર્કિંગ વુમન એસોસિએશન પ્રેસિડેન્ટ, શ્રી દીનાબેન રાવલ દ્વારા કરવામાં આવેલ. ■

# શ્રદ્ધાંજલિ

આપણી કંપનીની સફળતાના સૂત્રધાર અને સમગ્ર કર્મચારીગણમાં ''પી.આર.સી.''ના નામે લોકપ્રિય એવા શ્રી પી.આર. ચૌધરી, ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર અને એક્ઝિક્યુટીવ ડાયરેક્ટરનું કોરોનાની બીમારીને લીધે તા. ૨૯-૪-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

શ્રી ચૌધરીએ વર્ષ ૨૦૦૪થી વર્ષ ૨૦૦૯ સુધી ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં મહત્ત્વના હોદ્દા ઉપર કામગીરી કરી હતી તેમજ તે અગાઉ તેમણે મુખ્ય ઇજનેર તરીકે યુજીવીસીએલ અને ડીજીવીસીએલમાં ફરજ બજાવી હતી. તેમના અવસાનથી યુજીવીસીએલ પરિવારના વર્તમાન અને ભૂતપૂર્વ કર્મચારીઓએ આઘાતની લાગણી સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા રજૂ કરીને દિલસોજી પાઠવેલ છે.



તેમના નિધનથી યુજીવીસીએલ પરિવાર ઘેરા શોકની લાગણી અનુભવે છે. જુનીયર ઇજનેરથી જોઇન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકેની ખૂબ લાંબી કારકિર્દી દરમ્યાન અગાઉના જીઇબી અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તેમજ દક્ષિણ ગુજરાત વીજ કંપનીમાં મુખ્ય ઇજનેર જેવા મહત્ત્વના હોદ્દા પર સક્ષમતાપૂર્વક કામગીરી કરીને તેઓ સહકર્મચારીઓ તથા ઉચ્ચ સત્તાધીશો વચ્ચે પોતાનું સ્થાન બનાવેલું. શ્રી ચૌધરીએ વિજિલન્સ અધિકારી તરીકે સમગ્ર ગુજરાતમાં વીજ ગેરરીતિ દૂર કરી ટીએન્ડડી લોસ ઘટાડવાની કામગીરીમાં મહત્ત્વનું યોગદાન આપેલ. કડક અધિકારીની છાપ ધરાવનાર શ્રી ચૌધરી વ્યક્તિ તરીકે ખૂબ જ સંવેદનશીલ હતા. નાના કર્મચારીઓ પણ તેમની સમક્ષ પોતાની વ્યથા રજૂ કરી શકતા અને તેઓ તેમની મુશ્કેલી દૂર કરતા.

સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવે તેવી જ્યોતિગ્રામ યોજનાના યુજીવીસીએલમાં પ્રથમ અમલીકરણમાં તેમણે આગળ પડતી ભૂમિકા ભજવેલ. જેના લોકાર્પણના કાર્યક્રમોના સફળ આયોજન તેમજ ગુજરાતમાં ભૂજનો ભૂકંપ, કંડલાનું વાવાઝોડું, સુરતનું પૂર જેવી હોનારત દરમિયાન સ્થળ ઉપર જઈને પરિસ્થિતિને થાળે પાડવામાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યા હતા.

શ્રી ચૌધરીને આપણે સૌ બાહોશ, નીડર, નિર્ણાયક, લોકાભીમુખ અધિકારી, સારા લીડર, માર્ગદર્શક તરીકે હંમેશા યાદ રાખીશું. ગુજરાતના વીજ ક્ષેત્રની જ્યારે વાત કરવામાં આવશે ત્યારે શ્રી પી. આર. ચૌધરીનું નામ ઇતિહાસમાં અચૂક લખાશે.

સદગતના સ્નેહસભર વ્યક્તિત્વની સ્મૃતિઓ તમામ કર્મચારીઓના હૃદયમાં હંમેશા ચિરંજીવી રહેશે. એમના દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે નતમસ્તક શ્રદ્ધાંજલિ. ■

# વીજ સલામતી અંગે જાગૃતતા કેળવવા સઘન ઝુંબેશ

સામાજિક અને આર્થિક વિકાસનો વ્યાપ વધતા આપણા રોજિંદા જીવનમાં વીજ ઉપયોગનો સતત વધારો થઈ રહ્યો છે. ભારતની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૩૫ લાખથી વધુ ગ્રાહકોને વીજ વિતરણ કરવામાં આવી રહેલ છે. વીજ વિતરણની કામગીરી વીજ વિક્ષેપ ન થાય અને માનવંતા ગ્રાહકોને સતત વીજ પુરવઠો જરૂરી માત્રામાં મળતો રહે તે માટે આપણે સતત પ્રયત્નશીલ છીએ.


વીજ સલામતી પુસ્તિકાનું વિમોચન


હિંમતનગર ખાતે તાલીમ કાર્યક્રમ


સાબરમતી ખાતે તાલીમ કાર્યક્રમ


મહેસાણા ખાતે તાલીમ કાર્યક્રમ

વીજ વિતરણની કામગીરી દરમ્યાન સાવચેતી રાખવી જરૂરી હોઈ વીજ અકસ્માત ન થાય તેની કાળજી પણ આવશ્યક છે. કંપનીના કર્મચારીઓ અને માનવંતા ગ્રાહકો વીજ સલામતી અંગે જાગૃત થાય તે માટે તાજેતરમાં યુજીવીસીએલ દ્વારા વીજ સલામતી અંગે સઘન ઝુંબેશ ચાલુ કરેલ. છે. જેનો સમગ્ર કર્મચારીગણ અને પ્રજાજનોમાંથી વ્યાપક આવકાર મળેલ છે.

તાજેતરમાં થયેલ વીજ અકસ્માતો અંગે યુજીવીસીએલ અતિ સંવેદનશીલ અભિગમ અપનાવીને વીજ સલામતી અંગે જાગૃતતા કેળવવા અભિયાન શરૂ કરેલ છે જેના ભાગરૂપે વીજ વિતરણ તેમજ વીજ સમારકામ અંગે જરૂરી કાળજી રાખવા માટે તાલીમ કાર્યક્રમનું આયોજન હિંમતનગર, સાબરમતી, પાલનપુર અને મહેસાણા ખાતે કરવામાં આવેલ છે. યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં માનવંતા ગ્રાહકોમાં જાગૃતિ કેળવાય તે માટે તા. ૨૫-૯-૨૦૨૦ના રોજ ભિલોડા ખાતેથી 'વીજ સલામતી રથ' હિંમતનગર સર્કલ હેઠળના યુજીવીસીએલના વિવિધ વિસ્તારોમાં ફેરવવામાં આવી રહેલ છે. કાર્યક્રમની શરૂઆતમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા આપવામાં આવેલો સંદેશ રજૂ કરવામાં આવેલ અને સાથે જાણીતા કલાકારો દ્વારા 'નાટક'નું નિદર્શન કરી લોકોને વીજ અકસ્માત અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં સાબરમતી, મહેસાણા અને પાલનપુરના વિસ્તારોમાં વીજ સલામતી રથ દ્વારા લોકોને જાગૃત કરવામાં આવશે.


વીજ સલામતી રથ અને નાટક

વીજ સલામતી અંગેના 'નાટક'ના માધ્યમ દ્વારા થઈ રહેલ રજૂઆતને વ્યાપક આવકાર મળેલ છે. ગ્રાહકોના વિવિધ સમુદાય અને અલગ અલગ ગામના સરપંચશ્રીઓ દ્વારા યુજીવીસીએલની કામગીરીની પ્રશંસા કરવામાં આવેલ છે.



હોર્ડિંગ

વધુ જાગૃતતા કેળવાય તે માટે વીજ સલામતી અંગેના સંદેશા દર્શાવતા સ્ટીકરો યુજીવીસીએલની કોર્પોરેટ, સર્કલ, વિભાગીય કચેરીઓ, પેટા વિભાગીય કચેરી ખાતે લગાવવામાં આવેલ છે. ઉપરાંત કંપનીના કાર્ય વિસ્તારના મોટા ગામડાઓ તથા નગરપાલિકા વિસ્તારમાં ૧૦X૧૨ ફૂટના કુલ ૪૪૦ હોર્ડિંગ દ્વારા વધુમાં વધુ ગ્રાહકોને વીજ સલામતી અંગે સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

વધુ પ્રયાસના ભાગરૂપે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની યુજીવીસીએલના વિસ્તારમાં લોકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે મુસાફરી કરાવતી ૩૦૦ (ત્રણસો) જેટલી બસો ઉપર વીજ સલામતી અંગે જાગૃતિ કેળવવાનો સંદેશો આપતા સ્ટીકરોનું નિદર્શન કરવામાં આવેલ છે.



સ્ટિકરો

અગાઉ વીજ સલામતી સપ્તાહની ઉજવણી દરમ્યાન કર્મચારીઓને કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ હૃદયસ્પર્શી સંદેશો આપી કંપનીની સંવેદનશીલતા રજૂ કરેલ છે તેમજ 'વીજ સલામતી' અંગે સાવચેતી રાખવા માટે 'દસ્તાવેજી ફિલ્મ' કર્મચારીઓના કુટુંબીજનો સાથે રજૂ કરવામાં આવેલ.

તાજેતરમાં ૧૫મી ઓગસ્ટના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા 'વીજ સલામતી અકસ્માતોનું અવલોકન અને નિરાકરણ' પુસ્તિકાનું વિમોચન કરવામાં આવેલ જેમાં અગાઉ બનેલ સત્ય ઘટનાઓનું સંકલન કરી રજૂ કરવામાં આવેલ છે. પુસ્તકોની વાર્તાઓમાંથી બોધપાઠ લઈને આ પ્રકારની ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે જાગૃતતા કેળવવા પ્રયાસ કરવામાં આવેલ છે.

આમ કર્મચારીઓ અને માનવંતા ગ્રાહકોમાં વીજ સલામતી અંગે જાગૃતિ કેળવાય અને વીજ અકસ્માતો ઘટે તે માટે સંવેદનશીલ રહીને વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે. ઉપરાંત કર્મચારીઓને નિયમિતરીતે વીજ સલામતીના સાધનો જેવા કે સેફ્ટી બેલ્ટ, હેલમેટ, રબ્બરના મોજા, ગમબુટ, અર્થિંગ રોડ, ઓપરેટિંગ રોડ, વગેરેના ઉપયોગ દ્વારા અકસ્માત રહિત કામગીરી થાય તે દિશામાં કંપની સતત ચિંતન કરે છે. ■



સ્ટિકર

## વડગામ ખાતે કંપની દિવસની ઉજવણી

વડગામમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ૧ એપ્રિલનાં રોજ કંપની દિવસની ઉજવણી કરવામાં આવેલ. નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ પૂર્ણ થયેલ હોય ડેબિટ એરિયર્સ ગત વર્ષની સરખામણીમાં ઘટાડો કરેલો હોઈ શૂન્ય ડેબિટ એરિયર્સ કરનાર કર્મચારી મિત્રોને સન્માન પત્ર આપી તેનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વડગામ ઓફિસનાં દરેક સ્ટાફ મિત્રોને પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ. પાલનપુર વિભાગીય કચેરીનાં કાર્યપાલક ઈજનેર અને વડગામ પેટા વિભાગીય કચેરીનાં નાયબ ઈજનેર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.



*કુકડો બોલે એટલે સવાર અને*
*ગાયોનાં ટોળા પાછા આવે એટલે સાંજ,*
*ના કોઈ ટ્રાફિકનો ઘોંઘાટ કે ના કોઈને નોકરીની કંકાસ*
*લાઈફ તો બોસ અહીં જ છે જક્કાસ.*

***– શ્રી મહર્ષિ શ્રીમાળી,***
*જુનિયર એન્જિનીયર (આઈટી) આર.ઓ., મહેસાણા*

## ૧ લી એપ્રિલ કંપની ડે

ઉત્તર ગુજરાત વીજ કંપની પ્યારી અમારી...!
યુજીવીસીએલના નામથી બની અમારી...!
યુજીવીસીએલ લાવી યોજનાઓ પ્યારી...!
જ્યાતિગ્રામથી લાવી ચોવીસ કલાક વીજ ન્યારી...!
યુજીવીસીએલ થકી સાકાર થઈ સોલાર રૂફટોપ પ્યારી...!
ઉદ્યોગો ને આવાસો માટે યોજનાઓ લાવી ન્યારી...!
યુજીવીસીએલ થકી થઈ સાકાર કિસાન સૂર્યોદય યોજના...!
ખેડૂતો ને સિંચાઈ માટે લાવી યોજનાઓ પ્યારી...!
યુજીવીસીએલ થકી, સ્કાય, વી.ડી.એસ., એનડી., ઉજ્જવલા ને ઝુપડ પટ્ટી યોજનાઓ થઈ જારી.
યુજીવીસીએલ થકી થઈ ગુજરાત વિકાસ ગાથા ન્યારી..!
યુજીવીસીએલ કંપની પ્યારી અમારી...!
આપણું યુજીવીસીએલ મેગેઝિન મહેસાણાથી આવ્યું...!
નિત-નવા યુજીવીસીએલના કાર્યોની ગાથા લાવ્યું...!
આપણું યુજીવીસીએલ આવ્યું નિત-નવા લેખોને ગ્રાહકલક્ષી યોજનાઓની માહિતી લાવ્યું...!
આ અમારું પ્યારું આપણું યુજીવીસીએલ આવ્યું...!
નિત-નવા વિચારોને લઈને આવ્યું...!
સમાજ ઘડતરને કંપની વિકાસની ચાવીઓ લઈને આવ્યું...!
સાચી સમજણ ને નિત-નવા પ્રોજેક્ટની માહિતી લઈને આવ્યું...!
ઉત્તર ગુજરાત વીજ કંપની પ્યારી અમારી
યુજીવીસીએલના નામથી બની પ્યારી...!
નિત-નવા એવોર્ડથી નવાઝી નારી...!
વીજ ક્ષેત્રે અગ્રેસર અમારી યુજીવીસીએલ પ્યારી...!
આપણું યુજીવીસીએલ થકી ઊજાગર અમારી...!
ઉત્તર ગુજરાત વીજ કંપની પ્યારી અમારી...!
આવો સૌ સાથે મળી કંપની દિવસે
શુભેચ્છાઓ સાથે ફુલડે વધાવીએ એને...!

**– મિસ્ત્રી રાજેશ કાન્તિલાલ** લાઈનમેન, કુડાસણ

# શંખેશ્વર ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ



દિપપ્રાગટ્ય



ઉદ્ઘાટન



તક્તિનું અનાવરણ



સન્માન



સન્માન



પુજાવિધિ



સન્માન



તા. ૧૫-૦૩-૨૦૨૧ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના વરદ્ હસ્તે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી એન.એમ. જોશી, કંપની સેક્રેટરી, શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.), શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ચીફ ફાઈનાન્સ મેનેજર, શ્રી સી.જે. રાજપાલ, અધિક્ષક ઈજનેર મહેસાણા, શ્રી પરાગભાઈ દેસાઈ, અધિક્ષક ઈજનેર (ક્યુ. સી.સી)ની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. ઘણા વખતથી શંખેશ્વરના ગ્રાહકોની શંખેશ્વર ખાતે વીજ-સુવિધા કેન્દ્ર મળે તેવી માગણી હતી જેનો કંપની દ્વારા હકારાત્મક અભિગમ રાખીને માગણી સ્વીકારવામાં આવેલ જેને લીધે શંખેશ્વરના ગ્રાહકોમાં સંતોષની લાગણી ઊભી થયેલ. કંપની દ્વારા શરૂ કરવામાં આવેલ વીજ-સુવિધા કેન્દ્ર અંગે આભારની લાગણી વ્યક્ત કરવા શંખેશ્વર યાત્રાધામના વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને ઉચ્ચ અધિકારીઓનું પાઘડી પહેરાવી, બૂકે અને શાલ અર્પણ કરી તેમજ મોમેન્ટો આપીને અભિવાદન કરવામાં આવેલ.

આ પ્રસંગે શંખેશ્વરના જીવણદાસ ગોડીદાસ પેઢીના મેનેજર, શ્રી જગદીશભાઈ, ૧૦૮ જૈન દેરાસરના શ્રી બ્રિજેશભાઈ રાવલ, જીન કુશલ દાદા વાડીના શ્રી મોતીભાઈ અને શ્રી ખોડાભાઈ, જહાજ મંદિરના શ્રી રમેશભાઈ સોની, કલાપુરણમ જૈન મંદિરના શ્રી રામી કુલદીપભાઈ, નવકાર ધર્મ શાળાના શ્રી યોગેશભાઈ નગરશેઠ, સહાયક વણોલ ગણેશભાઈ, હાલારી જૈન ધર્મશાળાના શ્રી અજીતદાન ગઢવી ઉપસ્થિત રહેલ અને યુજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓનો વીજ-સુવિધા કેન્દ્રની માગણી સંતોષવા માટે આભાર વ્યક્ત કરેલ. ■

### સન્માન



ગુજરાતના સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે યોગ કોચ શ્રી ઉમેશ ચૌહાણને યોગ કાર્યમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે સન્માન પત્ર.

### हाईकू

कुछ तो था ही
बह गया वो भी युं
गुमसुम सा

**- शैलेष एम. यादव**
डेप्युटी एन्जिनीयर, प्रांतिज

# તેજસ્વી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્ત થતા કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી જે.એન. પંચોલી

તા. ૩૦-૦૪-૨૦૨૧ના રોજ પોતાની વયમર્યાદાને કારણે તેજસ્વી કારકિર્દી પૂર્ણ કરી નિવૃત્ત થતા કાર્યવાહક મહાપ્રબંધક (નાણા) શ્રી જે.એન. પંચોલીને યુજીવીસીએલ દ્વારા ભાવ સભર વિદાય આપવામાં આવેલ છે.

શ્રી જે.એન. પંચોલી એ તા. ૦૩-૦૫-૧૯૯૭માં ચીફ એકાઉન્ટ્સ ઓફિસર તરીકે અગાઉના ગુજરાત વિદ્યુત બોર્ડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ, ત્યારબાદ તા. ૦૧-૦૭-૨૦૦૬ના રોજ ચીફ ફાઈનાન્સ મેનેજર તરીકે બઢતી પ્રાપ્ત કાર્ય પછી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં પોતાની ફરજ બજાવેલ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ ખાતે પ્રતિનિયુકતી પર ફરજ બજાવી રહેલ.

તા. ૩૧-૦૮-૨૦૨૦ના રોજ મહાપ્રબંધક (નાણા), શ્રી આર.બી. કોઠારી વય મર્યાદાને લીધે નિવૃત્ત થતાં તા. ૦૧-૦૯-૨૦૨૦થી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા શ્રી પંચોલીની કાર્યદક્ષતાને ધ્યાનમાં લઈને ઈન્ચાર્જ જનરલ મેનેજર (નાણા) તરીકે સેવા આપવાની દરખાસ્ત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને કરવામાં આવેલ. જે અન્વયે તા. ૦૧-૦૯-૨૦૨૦થી રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે જીયુવીએનએલની ફરજો ઉપરાંત યુજીવીસીએલની ફરજ પર હાજર થયેલ.







ગુજરાત વિદ્યુત બોર્ડ અને કંપનીકરણ બાદ કુલ ત્રેવીસ વર્ષથી વધુ સમય માટે શ્રી પંચોલીએ એકાઉન્ટ વિભાગમાં ફરજ નિભાવેલ છે. ત્રેવીસ વર્ષના અનુભવ બાદ અનુભવી કાર્યક્ષમ અને પ્રમાણિક અધિકારી તરીકે આગવી ઓળખ ઊભી કરનાર શ્રી પંચોલી યુજીવીસીએલના હિસાબી વિભાગનો સર્વોચ્ચ હોદ્દો ગ્રહણ કરતાં કંપનીમાં ખૂબ જ હકારાત્મક પ્રતિભાવ જોવા મળેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપરેશન/પી) શ્રી પી.બી. પંડ્યા અને શ્રી વી.એમ. શ્રોફ તેમજ ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં યોજાયેલ સાદગીભર્યા સમારંભમાં શ્રીફળ, ચાંદીનો સિક્કો, શાલ ઓઢાડીને તેમજ સન્માન પત્ર અર્પણ કરીને તેઓની તેજસ્વી કારકિર્દીને બિરદાવવામાં આવેલ. ૨૪વર્ષની લાંબી અને સફળ કારકિર્દી બાદ નિવૃત્ત થઇ રહેલ શ્રી જે. એન. પંચોલીને યુજીવીસીએલ પરિવાર ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે તેમજ નિવૃત્તિ બાદનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

યુજીવીસીએલ પરિવાર આવા અનુભવી, કાર્યક્ષમ અને પ્રમાણિક અધિકારીની નિવૃત્તિ સમયે તેમની નિશ્રામાં હિસાબી વિભાગ યશસ્વી કામગીરી કરી અગાઉ તેમના હસ્તક પ્રાપ્ત કરવામાં આવેલ આઈસીડબલ્યુઆઈએનો 'એકસલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ' એવોર્ડ ૨૦૦૭ની તેમની યાદગીરીના સંભારણાને ધ્યાનમાં લઈને સફળ કામગીરી માટે હંમેશા યાદ રાખશે. ■

## મોડાસા ખાતે રસીકરણ

તા. 1 એપ્રિલ 2021ના રોજ મોડાસા વિભાગીય કચેરીના કર્મચારીઓનું સામૂહિક રસીકરણ કાર્યક્રમનું આયોજન મોડાસા ખાતે કરવામાં આવેલ.



## પ્રતિભાવ

'આપણું યુજીવીસીએલ' અંકના સંપાદક તરીકે આપની શ્રેષ્ઠત્તમ કામગીરીથી પ્રભાવિત થઈ આપને બિરદાવીને ખૂબ જ અભિનંદન આપું છું. સંપૂર્ણ સમાચાર માહિતીસભર અંક જોવાનો અભ્યાસ કરવા અને જાણકારી મેળવવાનો આનંદ મળ્યો.

**– મનુભાઈ કે.સુથાર,** નિવૃત્ત સિનિયર આસિસ્ટન્ટ, હિંમતનગર.



# હવે વધુ ઘરો પર લાગશે સોલાર રૂફટોપ સિસ્ટમ



**છેલ્લા એક વર્ષમાં એક લાખથી વધુ ઘરોને યોજનાનો લાભ**

**દેશમાં સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત પ્રથમ સ્થાને**

## ગત વર્ષની જવલંત સફળતા આગળ ધપાવવા ફરી એકવાર ઘટાડેલ દરે સોલાર રૂફટોપ લગાવો અને સબસીડીનો લાભ લો...

**રહેણાંક હેતુના ગ્રાહકો આપનું રજીસ્ટ્રેશન તુરંત કરાવો**

- સરકાર તરફથી રહેણાંક હેતુના વીજ ગ્રાહકોને સોલાર રૂફટોપ માટે પ્રથમ ૩ કિલોવોટની ક્ષમતા સુધી ૪૦% તથા ૩ થી વધુ અને ૧૦ કિલોવોટની ક્ષમતા સુધી ૨૦%ની સબસીડી
- ગૃપ હાઉસીંગ સોસાયટી રેસિડેન્શિયલ વેલ્ફેર એસોસિએશનની મઝિયારી (common) સુવિધાઓના વીજ જોડાણો માટે સોલાર રૂફટોપ પ્લાન્ટ સ્થાપિત કરવા ૨૦%ની સબસીડી
- સોલાર રૂફટોપ સ્થપાયા બાદ જે તે એજન્સી ૪ વર્ષ સુધી સિસ્ટમનું વિના મૂલ્યે મેન્ટેનન્સ કરશે
- માન્ય એજન્સીઓની નવી યાદીમાંથી ગ્રાહક કોઈ એક એજન્સી પસંદ કરી નિયત દરે સોલાર રૂફટોપ સ્થાપિત કરી શકશે
- એજન્સીઓની યાદી વીજ વિતરણ કંપનીઓની વેબસાઈટ તેમજ વીજ કચેરીએ ઉપલબ્ધ છે.

| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા DC (કિલોવોટ) | ૧.૦૦ | ૧.૦૧ થી ૨.૦૦ | ૨.૦૧ થી ૩.૦૦ | ૩.૦૧ થી ૪.૦૦ | ૪.૦૧ થી ૫.૦૦ | ૫.૦૧ થી ૬.૦૦ | ૬.૦૧ થી ૧૦.૦૦ | ૧૦.૦૧ થી ૨૫.૦૦ | ૨૫.૦૧ થી ૫૦.૦૦ | ૫૦.૦૧થી ૧૦૦.૦૦ | ૧૦૦.૦૧ થી ૫૦૦.૦૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શોધિત દર (તમામ કર સાથે) (રૂ. પ્રતિ કિલોવોટ) | ૪૬૮૨૭.૦૦ | ૪૨૯૯૩.૭૦ | ૪૧૯૯૧.૮૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૪૦૯૯૩.૨૦ | ૩૭૮૪૨.૮૦ | ૩૨૬૭૦.૦૦ | ૩૧૫૮૧.૦૦ | ૩૦૪૯૨.૦૦ |
| સોલાર રૂફટોપ સિસ્ટમની ક્ષમતા DC (કિલોવોટ) | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૧૦ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ |
| સોલાર સિસ્ટમની નિયત કરેલ મહત્તમ કુલ કિંમત (તમામ કર સાથે) રૂ. | ૪૬૮૨૭.૦૦ | ૮૫૯૮૭.૪૦ | ૧૨૫૯૭૫.૪૦ | ૧૬૩૯૭૨.૮૦ | ૨૦૪૯૬૬.૦૦ | ૨૪૫૯૫૯.૨૦ | ૪૦૯૯૩૨.૦૦ | ૯૪૬૦૭૦.૦૦ | ૧૬૩૩૫૦૦.૦૦ | ૩૧૫૮૧૦૦.૦૦ | ૪૫૭૩૮૦૦.૦૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય કુલ કિંમતના ૪૦% (૩ કિલોવોટ સુધી) રૂ. | ૧૮૭૩૦.૮૦ | ૩૪૩૯૪.૯૬ | ૫૦૩૯૦.૧૬ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૯૧૯૧.૮૪ | ૪૫૪૧૧.૩૬ | ૩૯૨૦૪.૦૦ | ૩૭૮૯૭.૨૦ | ૩૬૫૯૦.૪૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની સહાય કુલ કિંમતના ૨૦% (૩ કિલોવોટથી વધુ અને ૧૦ કિલોવોટ સુધી) રૂ. | - | - | - | ૮૧૯૮.૬૪ | ૧૬૩૯૭.૨૮ | ૨૪૫૯૫.૯૨ | ૫૭૩૯૦.૪૮ | ૫૨૯૭૯.૯૨ | ૪૫૭૩૮.૦૦ | ૪૪૨૧૩.૪૦ | ૪૨૬૮૮.૮૦ |
| રાજ્ય/કેન્દ્ર સરકારની કુલ સહાય રૂ. | ૧૮૭૩૦.૮૦ | ૩૪૩૯૪.૯૬ | ૫૦૩૯૦.૧૬ | ૫૭૩૯૦.૪૮ | ૬૫૫૮૯.૧૨ | ૭૩૭૮૭.૭૬ | ૧૦૬૫૮૨.૩૨ | ૯૮૩૯૧.૨૮ | ૮૪૯૪૨.૦૦ | ૮૨૧૧૦.૬૦ | ૭૯૨૭૯.૨૦ |
| લાભાર્થીએ ચૂકવવાની થતી રકમ* રૂ. | ૨૮૦૯૬.૨૦ | ૫૧૫૯૨.૪૪ | ૭૫૫૮૫.૨૪ | ૧૦૬૫૮૨.૩૨ | ૧૩૯૩૭૬.૮૮ | ૧૭૨૧૭૧.૪૪ | ૩૦૩૩૪૯.૬૮ | ૮૪૭૬૭૮.૭૨ | ૧૫૪૮૫૫૮.૦૦ | ૩૦૭૫૯૮૯.૪૦ | ૪૪૯૪૫૨૦.૮૦ |

*ઉપરોક્ત ગણતરી રહેણાંક હેતુના ગ્રાહકો માટે છે. મઝિયારી (common) સુવિધાઓના વીજ જોડાણો માટે વીજ કંપનીની વેબસાઈટ ઉપર માહિતી ઉપલબ્ધ છે.

**આવો સૌર ઊર્જા ક્રાંતિથી બનાવીએ ઊર્જાવાન ગુજરાત... શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

વધુ જાણકારી માટે નીચે જણાવેલ કચેરી અથવા વેબસાઈટ અને ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરો.

**www.ugvcl.com યુજીવીસીએલ - ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ તથા ૧૯૧૨૧**

| અધિક્ષક ઈજનેરશ્રી સાબરમતી | અધિક્ષક ઈજનેરશ્રી મહેસાણા | અધિક્ષક ઈજનેરશ્રી હિંમતનગર | વિશેષ મુખ્ય ઈજનેરશ્રી પાલનપુર | સોલાર સેલ, કોર્પોરેટ ઓફિસ મહેસાણા |
|---|---|---|---|---|
| (૦૭૯) ૨૭૫૦૦૨૧૪ | (૦૨૭૬૨) ૨૨૨૪૨૩ | (૦૨૭૭૨) ૨૪૦૨૬૨ | (૦૨૭૪૨) ૨૫૫૪૫૧ | ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ |

નોડલ એજન્સી - ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગુજરાત સરકાર

હવે ખૂબ જ સહેલું છે... ઘર માટે સોલાર રૂફટોપ મેળવવાનું
ફક્ત મીસ્ડ કૉલ કરો
**૭૯૬૬૬૪૪૯૯૧૧**
વધુ જાણકારી માટે વિઝીટ કરો
https://suryagujarat.guvnl.com

**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com